ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



કેતન મહેતા
સિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૪૮૫૧૯



હાર્દજ્ઞ ધનંજય જોષી
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



ધ્યાની ભૂષણભાઈ પંડ્યા
મો. ૯૪૨૮૦ ૦૦૭૬૬



રિદ્ધિ ચિરાગ ઠાકોર
મો. ૭૬૦૦૫ ૨૫૪૫૨



કલ્પેશ એ સોની
નવદીપ ચશ્મા ઘર
મો. ૯૯૭૪૬ ૭૬૮૯૪

# પ્રેરણા વિદ્યાલયનો શાનદાર દ્વિ-દશાબ્દિ મહોત્સવ








ગાંધીનગર, તા. ૨૬

સૅક્ટર-૫ એમાં કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા પોતાની સ્થાપનાના ૨૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી શનિવારે દબદબાપૂર્વક કરવામાં આવી હતી.

ભવ્ય દ્વિદશાબ્દિ મહોત્સવ અંતર્ગત પ્રેરણા વિદ્યાલય દ્વારા બપોરે ૩.૩૦ કલાકે સૅક્ટર-૨૨ રંગમંચ ખાતે પૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સ્નેહમિલન સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો. આ સમારોહના મુખ્ય મહેમાન તરીકે બાર કાઉન્સિલ ઑફ ગુજરાતના મૅમ્બર કરણસિંહ બી વાઘેલા તથા ગાંધીનગર શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ કે પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત અતિથિઓના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. પ્રાર્થના શિક્ષકો દ્વારા રજૂ કરાઈ હતી તથા ધોરણ, ૧૦, ૧૧, ૧૨ની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. સ્કૂલના પૂર્વ વિદ્યાર્થી ધવલ રથવી, હેમાંગ ઠાંકર, નિખિલ પારેખ, મનોજ વસાવા, દેવલ કાલીકર, ચંદ્ર શેખર તથા પૂર્વ શિક્ષક નિખિલ પારેખ, નરેન્દ્રભાઈ જીવાણીએ પ્રેરણા વિદ્યાલયમાં પોતાનાં સંભારણાં તાજાં કર્યાં હતાં. કાર્યક્રમ અંતર્ગત હરપાલસિંહ ઝાલાનો હાસ્ય દરબાર તથા પૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો માટે એક લકી ડ્રોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કુલ પાંચ ઈનામો આ લકી ડ્રો અંતર્ગત એનાયત કરવામાં આવ્યાં હતાં. હાસ્ય કલાકાર દ્વારા પ્રસ્તુતિ અગાઉ તેમનું સંસ્થા વતી મેનેજિંગ ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સંચાલન આચાર્ય મનીષ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું, આભારવિધિ આશાબેન દેસાઈ દ્વારા કરવામાં આવી હતી. સાંજે ૬.૩૦ કલાકે દ્વિદશાબ્દિની સ્ટેજ કાર્યક્રમના માધ્યમથી ઉજવણી હાથ ધરવામાં આવી હતી. સંસ્થાના વર્તમાન વિદ્યાર્થીઓએ આ નિમિત્તે એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટીના ચૅરમૅન આશિષભાઈ દવે અને મધુર ડેરીના ચૅરમૅન ડૉ. શંકરસિંહ રાણા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત પ્રાર્થના, બાળગીત, ગણેશ વંદના, અભિનય ગીત, મરાઠી નૃત્ય, મેળાગીત, આદિવાસી નૃત્ય, આસામી નૃત્ય, રાસ-ગરબા, પંજાબી ગીત, હોળીગીત, લોકગીત જેવી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી.

નૅશનલ ગેમ્સમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ટ્રૉફી, મૅડલ, પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શાળાનાં પૂર્વ આચાર્ય સ્વાતિબા રાઓલે કર્યું હતું.

સમગ્ર દિવસના આ કાર્યક્રમમાં ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ-પૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો-પૂર્વશિક્ષકો અને વાલીઓ-અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર. એન. લલિતકલા એકેડેમીના

# મમતા સ્પોર્ટ્સ સેન્ટર દ્વારા બ્લૅક બેલ્ટ ઍવૉર્ડ સમારોહ





## રેન્શી સેલ્વાકુમાર દ્વારા પ્રશિક્ષિત સાત સાધકોને ડિગ્રી એનાયત : દેશના ગૌરવ સમાન ખેલાડી પારૂલ પરમારને સ્ટેન્ડિંગ ઓવેશન

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર. એન. લલિતકલા એકેડેમીના મમતા સ્પોર્ટ્સ સેન્ટર દ્વારા ૨૪ ડિસેમ્બર ને શનિવારના રોજ સાંજે પાંચ કલાકે બ્લૅક બેલ્ટ ઍવૉર્ડ સમારોહ ખીમજી વિશરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન હોલ, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો હતો .

કાર્યક્રની શરૂઆતમાં આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટયથી થઈ. ત્યારબાદ વિશ્વા દવે, એશા પટેલ અને દેવર્શી રાણા દ્વારા પ્રાર્થના (ભરતનાટયમ નૃત્ય) પ્રસ્તુત કરવામાં આવી હતી.

ભારતીય સંસ્કૃતિ પંરપરા મુજબ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કરાટે કોચ રેન્સી સેલ્વાકુમાર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ, મુદ્દાઓને આવરીલેતું પાવર પોઈટ પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કરાટેના સાધકોએ વિવિધ ટેકનીક, ફાઈટ તથા કરતબો રજૂ કરી પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.

આ સમારોહ અંતર્ગત પર્વ કુંતલ નિમાવત, અંશ કિરીટસિંહ ઝંકટ, કમલ જયેશભાઈ ગોવાણી, હિયા પરાશર દવે, સત્યમ સંજય પ્રજાપતિ, તરંગ જિતેન્દ્ર પરમાર અને નિહાર કિરીટસિંહ ઝંકટને બ્લૅક બૉલ્ટ પ્રશિક્ષક રેન્શી સેલ્વાકુમારના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. અતિથિઓના હસ્તે આ સાધકોને કરાટે સંસ્થાના ગુજરાત ઍસોસિએશનનું પ્રમાણપત્ર તથા નૅશનલ ઍસોસિએશનનું પ્રમાણપત્ર તથા એક સુંદર ટ્રૉફી પણ એનાયત કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઓનર તરીકે સર્વ વિદ્યાલયની ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનનાં ડીન ડૉ. વીણાબેન પટેલ, ખાસ અતિથિ તરીકે અર્જુન ઍવોર્ડી અને ગાંધીનગર શહેરનાં રહેવાસી વર્લ્ડ નંબર-૧ બેડમિંટન પ્લેયર, રોલ મૉડલ ઍવૉર્ડ વિજેતા પારૂલ પરમાર તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ કે પટેલ બાલમંદિરનાં પ્રિન્સિપાલ દિપાલીબેન જોષી ઉપસ્થિત રહ્યાં હતાં.

પારૂલ પરમારના પરિચય વેળા સમગ્ર હૉલના પ્રેક્ષકો ઉપરાંત યજમાન, અતિથિઓએ પણ ઊભા થઈને તેમના માટે તાળીઓ વગાડી હતી અને આમ સ્ટેન્ડિંગ ઓવેશન આપી તેમની સિદ્ધિઓને ઘરઆંગણે બિરદાવી હતી. આ પ્રતિસાદથી પારૂલ પરમાર ભાવુક બની ગયાં હતાં. તેમણે પોતાના ટૂંકા પ્રવચનમાં વિદ્યાર્થીઓને પસંદગીની રમતમાં હિસ્સો લેવા તથા રમતની પદ્ધતિસરની તાલીમ લેવા માટે આહ્વાન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમ મમતા પ્રિન્સિપાલ દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો, જેમણે સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે પ્રેક્ષકોને અવગત કરાવ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન અનિતાબેન વસીતા દ્વારા તથા આભારવિધિ રેન્સી સેલ્વાકુમાર દ્વારા કરવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

સમય ભલે દેખાતો નથી
પણ
ઘણું બધું
દેખાડી અવશ્ય જાય છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્કીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્કીન-૨**
કહાની-૨
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્કીન-૩**
દંગલ
૧૧.૩૦. ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

**સ્કીન-૪**
બેફિકરે
૧૨.૪૫
ડિયર જિંદગી
૩.૪૫
કહાની-૨
૯.૪૫

**સ્કીન-૫**
બેફિકરે
૩.૩૦, ૧૦.૦૦
દંગલ
સવારે ૧૦.૦૦

**સ્કીન-૬**
દંગલ
૯.૩૦
બેફિકરે
૬.૪૫
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦

## જે બી પ્રાથમિક શાળામાં ગાંધી જીવન આધારિત ક્વિઝ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલ કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં તા. ૨૧-૧૨-૨૦૧૬ ને બુધવારના રોજ દાંડીકુટિર ગાંધીનગર આયોજિત શાળા કક્ષાએ મહાત્મા ગાંધી જીવન આધારિત ક્વિઝ કોમ્પીટીશન યોજવામાં આવી હતી, જેમાં શાળામાંથી ત્રણ ગૃપમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દેવમ ડાહ્યાભાઈ પ્રજાપતિ, ક્રિષ્ના અરવિંદભાઈ પટેલ અને માહિન યુનુસભાઈ ગાંધર્વની ટીમની આગામી દિવસોમાં દાંડીકુટિર ખાતે યોજાનાર સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે.


સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ, માર્ગદર્શક શિક્ષકોને આચાર્ય નીવાબેન પટેલે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી છે.

# પડે કે ડગમગે પણ અટકે નહીં એ સંકલ્પવાન




pulak63@gmail.com

બનારસમા ફેકટરીઓના ઘોંઘાટવાળા વિસ્તારમાં ધનાઢ્યોની કોલોની પાસે એક સાંકડી ગલીમાં નાનકડી ભાડાની ખોલીમાં રહેતા પરિવારના હોનહાર છોકરાની આ વાત છે. છઠ્ઠા સાતમામાં ભણતો આ છોકરો એક દિવસ રમતા રમતા એના મિત્ર સાથે તેના બંગલામાં પહોંચી ગયો. મિત્રના પિતાજીએ આ બાળકને જોઈને એની ઉપર ગુસ્સે થઈ ગયા ધમકાવીને એમણે આ છોકરાને કહ્યું, 'તારા જેવા પરિવારના છોકરાઓની મારા ઘરમાં આવવાની હિમ્મત થઈ કેવી રીતે ?' આમ કહીને હાથ પકડીને એને બંગલાની બહાર કાઢી મૂક્યો. એ ચોંકી ગયો અંકલના આવા બેહુદગીભર્યા વર્તનથી. દસ-બાર વર્ષના આ નાના બાળકને ખબર જ ન પડી કે અંકલ એકદમ મારી ઉપર ગુસ્સે કેમ થઈ ગયા ? દિવસો સુધી આ બાળકના મનમાં મિત્રના પિતાજીએ કરેલો ગુસ્સો અને વર્તણૂંક સતત ઘુમરાતા રહ્યાં અને એનો જવાબ શોધવા એનું બાળમાનસ મથતું રહ્યું. પણ તેને કોઈ જવાબ ન મળ્યો. આ બાળકે એની ગલીમાં રહેતા એક વરિષ્ઠ સજ્જનને એના મિત્રના પિતાજીએ કરેલા ગુસ્સાની વાત કરી અને પૂછ્યું 'મારા કોઈપણ વાંક વગર એ અંકલે મારી ઉપર ગુસ્સો કરીને મને એમના ઘરની બહાર કેમ કાઢી મૂક્યો ?' ગલીના વરિષ્ઠે બાળકને સમજાવું કે, 'બેટા તારા પરિવારના સામાજિક 'બેગ્રાઉન્ડ'ને કારણે એ અંકલે તારી ઉપર આવો ગુસ્સો કર્યો.'



બાળકે સહજતાથી પૂછ્યું 'મારું આ બેગ્રાઉન્ડ કેવી રીતે બદલી શકાય ?'

પેલા વરિષ્ઠે જવાબ આપ્યો 'તારા પિતાજીનો વ્યવસાય બદલાય અથવા તું તારી જાતને સમાજમાં એવા સ્થાને મૂકી દે કે એની ઉપર જવાનું કોઈ કલ્પી ન શકે.'

બાળકે ફરી પ્રશ્ન કર્યો, 'આ દેશમાં એવું શું છે કે, એની ઉપર જવાનું કોઈ વિચારી ન શકે ?'

વરિષ્ઠે મજાકમાં કહ્યું કે, 'તું આઈએએસ બની જાય તો એની ઉપરની કોઈ જોબ નથી.'

બસ, એ દિવસે આ બાળકે દ્રઢ સંકલ્પ કર્યો કે, હું આઈએએસ બનીશ. પાંચ વ્યક્તિનો પરિવાર. બાર બાય આઠની ભાડાની ખોલી. આસપાસ ફેકરીઓ અને જનરેટરનો ઘોંઘાટ. આર્થિક સંકડામણ અને ઉપરથી આસપાસના લોકોના મહેણાં-ટોણાં. હદ તો ત્યાં સુધીની હતી કે, આ બાળકની બહેન ભણવા જતી તો લોકો ચીઢવતા કે, 'તું શું કામ ભણવા જાય છે. આના કરતાં તો બે-ચાર ઘરે કામ કરીશ તો તારા પરિવારને મદદ થશે.' આ બાળક પણ જ્યારે ભણતો હોય ત્યારે લોકો મશ્કરી કરતાં કે, 'ભાઈ, તું ભણીને શું કરીશ ? વધુમાં વધુ એક ને બદલે બે રિક્ષા આવશે...'

બેટાના અભ્યાસ માટે પિતાજીએ દિલ્હીમાં રિક્ષા ચલાવી. સખત મહેનત કરી. દેવું કર્યું અને દીકરાને ભણાવ્યો. મજબૂત સંકલ્પ અને સખત મહેનતના બળે દીકરો પણ યુપીએસસીની લેખિત પરીક્ષાઓમાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થઈ ગયો. ઈન્ટરવ્યૂ માટે જવાનો સમય આવ્યો ત્યારે આ છોકરા પાસે સારા કપડાં અને બૂટ નહોતા. આ સમસ્યા દૂર કરી સાસરે ગયેલી મોટી બહેને. બહેને એની ડિલીવરી માટે બચાવી બે હજાર રૂપિયા ભાઈને ઈન્ટરવ્યૂ માટે આપી દીધા.

આખરે આ છોકરાના દ્રઢ સંકલ્પે શાનદાર ભવિષ્યનું સોણલું સાકાર કર્યું. આ સંકલ્પવાન છોકરો એટલે ગોવિંદ જયસ્વાલ.

કામિયાબી ક્યારેય મોટી નથી હોતી. કામિયાબી મેળવનારનો દ્રઢ સંકલ્પ મોટો હોય છે.

એક મિત્રનો દીકરો ૧૨મા ધોરણમાં ભણતો હતો. આ બાળક ખૂબ હોંશિયાર, ખૂબ મહેનતુ. ૧૨મા ધોરણની શાળાની તમામ આંતરિક પરીક્ષામાં એ અવ્વલ રહેતો. પ્રિલીમ પરીક્ષામાં પણ એ આખી શાળામાં ૯૮ ટકા લાવીને પ્રથમ આવ્યો અને ૧૨મા ધોરણની ફાઈનલ પરીક્ષાના પચીસેક દિવસ પહેલા ટ્યુશને જતાં મોટરસાઈકલ પરથી સ્લીપ થયો. પગમા ફ્રેકચર થયું. ડોકટર બનવાનું એનું સ્વપ્ર રોળાઈ જશે એમ બધા જ વિચારતાં હતાં. પણ આ બાળકે દ્રઢ મનોબળથી કરેલા નિર્ધાર અને સંકલ્પે એને ડગવા દીધો નહીં. મહેનતમાં કોઈ કચાશ રાખી નહીં. હાડકાના મસમોટા દર્દને એણે એના સંકલ્પની સંજીવનીથી નેસ્તનાબુત કરી નાખ્યું. અને જ્યારે પરિણામ આવ્યું ત્યારે આ મિત્રનો દીકરો ૯૯ ટકા માર્ક સાથે ઉત્તીર્ણ થયો. એ મનપસંદ મેડિકલ કોલેજમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવી શક્યો.

જીવનમાં ક્યારેય કશું ઓછું હોતું જ નથી. વચમાં જ્યારે પણ જે અટકે અથવા પાછો વળે તો નિઃસંદેહપણે સમજવું કે એ વ્યક્તિ સંકલ્પવાન નથી. પડે, આખડે, લડખડાય પણ અટકે નહીં એ સંકલ્પવાન કહેવાય.

પતંગને તેના ભવિષ્યની ખબર છે કે, તેણે કપાઈને ફાટી-તુટીના કચરાના ઢગલામાં જ જવાનું છે. પણ કચરાના ઢગલામાં પડવાનું છે એ ભવિષ્યને મનમાં વાગોળીને ખૂલા આસમાનમાં ઉડવાનો દ્રઢ સંકલ્પ એ છોડી ન શકે. જ્યારે આસમાનમાં ઉડવાનો જ સંકલ્પ કર્યો હોય તો પછી ગગનની વિશાળતા જોઈને ગભરાઈને બેસી રહેવાનું વ્યર્થ છે. આકાશમાં ઉડવાનો આનંદ અને એનો સંકલ્પ એ જ સૌથી અગત્યની વાત છે.

તમારા વિચારો ઉપર તમારો જ અધિકાર છે. તમારા સંકલ્પ તમારી પાંખ છે. સંકલ્પની દ્રઢતા ઉડાનને આસાન બનાવે છે. એક સંકલ્પથી ઘણું બધું બદલી શકાય. ઈચ્છાઓના બીજ ત્યારે જ અંકુરિત થઈ વટવૃક્ષ બને જ્યારે એને દ્રઢ નિશ્ચય અને મજબૂત સંકલ્પની ફળદ્રુપ ભૂમિમાં વાવવામાં આવે. એ વ્યક્તિને હરાવવો ખૂબ મુશ્કેલ છે કે જે હારવા માંગતો જ નથી. એક બાબત મનમાં કોતરાઈ જવી જોઈએ કે જે તમારી ઈર્ષા કરે છે એને ક્યારેય ધૃણાની નજરે ન જોવા બલ્કે દયાની નજરે જોવા કારણ કે આ લોકો સમજે છે કે, એમનાથી તમે ઘણાં આગળ છો.

ફેસબુકનું સર્જન કરી દુનિયાભરને ઝડપી કોમ્યુનિકેશનની નવી પરિભાષા શીખવાડનાર માર્ક ઝુકરબર્ગ કહે છે કે, 'લોકો એની પરવા નથી કરતા કે તમે શું કહો છો, લોકો તો એ જુએ છે કે તમે શું બનાવો છો, તમારું કાર્ય શું છે, તમારું પરિણામ શું છે અને તમારી પ્રોડક્ટ શું છે ?' જીવન સૌંદર્યથી ભરપુર છે. એને દ્રઢ સંકલ્પની સંજીવનીથી જોવું પડે, મહેસુસ કરવું પડે, સંપૂર્ણ રીતે જીવવું પડે. મજબૂત ઈરાદાઓ સખત પરિશ્રમના બળથી એને હકીકતમાં પલટાવવા જોઈએ. હરીપ્રસાદ દ્વિવેદીજીએ સરસ વાત કરી છે. 'મહાન સંકલ્પો જ મહાન ફળના જનક હોય છે.'

સંકલ્પ મનુષ્યનું સાચું બળ છે. જે વ્યક્તિએ સંકલ્પ કર્યો એની માટે હવે માત્ર કાર્ય જ કરવાનું બાકી હોય છે. એમ ન કહી શકો કે તમારી પાસે સમય નથી. કારણ કે, જેમ સફળ થયેલા વ્યક્તિ પાસે દિવસના ૨૪ કલાક છે એમ તમારી પાસે પણ દિવસના ૨૪ કલાક જ છે. આત્મવિશ્વાસ ડગતો હોય તો એને વધારવા માટે એ જ કામ કરો કે, જેનાથી સૌથી વધારે તમને ડર લાગતો હોય. મુસીબત અને સંકલ્પ આડેના અંતરાયો બધા ઉપર આવે, પણ કોઈ મુસીબતથી હટી જાય અને કોઈ મુસીબતને કારણે કંઈક બની જાય. સંકલ્પમાં સૌથી વધુ તાકાત હોય છે. યાદ રહે, જીવનમાં સૌથી વધુ ખુશી એ કામમાં આવવી જોઈએ કે, જે કામ કરવા માટે લોકો એમ કહેતા હોય કે, 'ભાઈ રહેવા દે આ કામ તું નહીં કરી શકે.

'જો તમે તમારું સ્વપ્ન નહીં સજાવો તો કોઈક બીજો તે શમણું સાકાર કરવા તમને એની મદદ માટે ભાડે રાખી લેશે.

યાદ રાખો, તમારું સ્વપ્ન સજાવે છે તમારા સંકલ્પો.

**૦ ધબકાર ૦**

આપણે એવા જ બનીએ છીએ જેવું આપણે દ્રઢતાપૂર્વક વિચારીએ છીએ. સફળતા એના જ કદમોમાં આળોટે છે જે દ્રઢ સંકલ્પની સંજીવની લઈને જીવે છે.